॥ૐ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

## મંત્રો કેવી રીતે કામ કરે છે ?

આપણે ગુરુસંતો પાસે જઈને આપણી તકલીફની ફરિયાદ કરીએ ત્યારે તેઓ આપણને તકલીફ દૂર કરવા માટે ખૂબ ઈશ્વર-સ્મરણ કે મંત્રજાપ કરવાનું કહે છે. ત્યારે કળિયુગના જીવ આપણને શંકા-કુશંકા થવા લાગે છે કે એમ કરવાથી કાંઈ રોગ કે તકલીફ દૂર થતાં હશે ? તો એ ગૂઢ રહસ્યને સૂક્ષ્મ રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. જેમકે

રોગને દૂર કરવા માટે આપણે ગાયત્રી મંત્રના જાપ કરવા લાગીએ તો કાંઈ એ મંત્ર કે તેના અક્ષરો સીધા જ સ્થૂળ રીતે આપણા રોગને દૂર નથી કરતા પણ તે આપણી બુદ્ધિમાં તીવ્ર-સૂક્ષ્મ પ્રેરણા-સ્ફુરણા આપે છે અથવા મંત્રની અદૃશ્ય સૂક્ષ્મ શક્તિ દ્વારા રોગ-તકલીફ દૂર થાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. રોગ માટે આપણે શું-શું કરવું જોઈએ? કેવા - કયા ડૉક્ટર-વૈદ્યની સલાહ લેવી જોઈએ? એ બધા પ્રશ્નોના જવાબો આપણા અંતરમાં સ્ફુરણાઓ-પ્રેરણાઓ દ્વારા ઊભરાવા લાગે છે. આપણા ઉપચાર માટે આપણે જે ઉપચારકને રોક્યા હોય છે તેના મગજમાં પણ તે મંત્રની સૂક્ષ્મ શક્તિ પ્રેરણા કરે છે કે આ દર્દી માટે મારે કેવા, કયા, કેટલા, ક્યારે ઉપચાર કરવા જોઈએ? દર્દી ઑપરેશનની જરૂરત હોય તો તે મંત્ર પોતે ઑપરેશન નથી કરતો પણ ડૉક્ટરને ઑપરેશન કરવાની પ્રેરણા આપે છે. ડૉક્ટરની છરી કે કાતર ઑપરેશન કરતી હોય છે ત્યારે પણ મંત્રની સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિ ડૉક્ટરની બુદ્ધિને અતિ સાવધાન રાખતી હોય છે.

મંત્રજાપ, ઈશ્વરસ્મરણ, સ્તુતિ-પ્રાર્થના, આશિષ વગેરે સૂક્ષ્મ સાધનો છે - ઇન્દ્રિય અગોચર સાધનો છે. એ સૂક્ષ્મ સાધનો મનુષ્યના સૂક્ષ્મ શરીર પર અસર કરે છે,

સૂક્ષ્મ શરીરમાં પ્રેરણા-સ્ફુરણા આપે છે અને પછી સ્થૂળ શરીર સૂક્ષ્મ શરીરની પ્રેરણા મુજબ કાર્યાન્વિત થાય છે. આ સૂક્ષ્મ સાધનો તેના સાધક માટે એવી અનુકૂળ પરિસ્થિતિ સર્જે છે કે તેને જ્યારે, જેટલી અને જેવી મદદની જરૂરત હોય ત્યારે તેને, તેટલી અને તેવી મદદ મળવા લાગે છે.

સ્થૂળ અને સૂક્ષ્મ તત્ત્વોના સંમિલનથી જ જગતના તમામ વ્યવહારો સુચારુ રૂપે ચાલ્યા કરે છે. એકલું સૂક્ષ્મ તત્ત્વ કે એકલું સ્થૂળ તત્ત્વ કાંઇ નથી કરી શકતું. આ રહસ્યને જો ખૂબ સારી રીતે સમજી લઈએ તો આપણી ઘણીખરી સમસ્યાઓ, પ્રશ્નો અને મુંઝવણોનું સમાધાન થઈ જાય.

મહાગોપનીય-ગૂઢ રહસ્યોને ગુરુસંતોની અહૈતુકી કૃપા દ્વારા જ જાણી, સાંભળી અને સમજી શકાય છે.

❀ ❀ ❀

ગુરુજીના (યોગભિક્ષુજીના) મસાનું ઑપરેશન કરનાર ડૉક્ટર સાહેબે પૂછ્યું કે - ગુરુજી! મેં સાંભળ્યું છે કે યોગીઓને પીડા નથી થતી તે સાચું? ત્યારે ગુરુજીએ જવાબમાં કહ્યું કે - ઓછી સમજણવાળા માણસો એવું માનતા હોય છે. જેમ કે ઓછી સમજણવાળા કહેતા હોય છે કે ડૉક્ટરો માંદા ન પડે. આવા ભ્રમો સમાજમાં ખૂબ ફેલાયેલા છે તે આપણી કમનસીબી છે. બીજી વાત એ કે હું તો યોગભિક્ષુ છું, યોગીરાજ નહીં.

પંચમહાભૂતની જે મર્યાદા છે તેનાથી કોઈ પર રહી શકે નહીં. રામ અને કૃષ્ણ જેવા ભગવાનના કહેવાતા અવતારોને પણ પંચમહાભૂતની મર્યાદામાં રહેવું પડ્યું હતું. પંચમહાભૂતથી જે ઉપર નીકળી જાય તેને તેની મર્યાદામાં રહેવું ન પડે. પછી તે સૂક્ષ્મ-દિવ્યદેહ ધારણ કરે. પણ તેવા સૂક્ષ્મ દેહધારીને અર્થાત્ ચિન્મય વપુધારીને

આપણે આપણા ચર્મચક્ષુથી જોઈ ન શકીએ. ઉપનિષદમાં કહ્યું જ છે કે -

**ન તસ્ય રોગો ન જરા ન મૃત્યુ,**
**પ્રાપ્તસ્ય યોગાગ્નિમયં શરીરમ્.**

ચિન્મય શરીર સુખ-દુઃખથી પર થઈ જાય છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનમાં બનેલો પ્રસંગ આ બાબતમાં કાંઈક વધુ પ્રકાશ ફેંકે છે. તેમને કેન્સરનો ભયંકર રોગ હતો. ઑપરેશન વેળાએ તેમણે ક્લૉરોફોર્મ સૂંઘવાની ના પાડી, ક્લૉરોફોર્મ વગર જ ઑપરેશન કરાવી નાખ્યું. એક ઊંહકારો પણ કર્યો નહીં અને એમના જ બીજા પ્રસંગની વાત છે કે કેન્સરની મહાપીડામાં તેઓ આખી રાત બૂમો પાડતા, તેથી આશ્રમના માણસો આખી રાત ઊંઘી શકતા નહીં. આવા બધાં ગૂઢ મહાગૂઢ રહસ્યોની વાત પરમ પામર મનુષ્ય પામી જ ક્યાંથી શકે ?

❀ ❀ ❀

## કુદરતની કરુણા-કળા

શરીર જ્યારે સહન ન કરી શકે એટલી પીડા તેના ઉપર આવી પડે છે ત્યારે તેને કુદરત બેભાન બનાવી દે છે, કે જેથી તેને મહાપીડાનો અનુભવ જ ન થાય અને તેથી જ કુદરતને મહા કરુણામયી કહે છે.

શરીરના કોઈપણ અંગમાં ભયંકર પીડા થતી હોય ત્યારે મન બીજે ક્યાંય પણ લાગી શકતું નથી, એ પીડામાં જ લાગેલું રહે છે. એની મતલબ એ કે એ પીડા કેમ જલ્દી ઓછી થાય તે માટે તે ત્યાં જ કાર્યરત થઈ જાય છે. આ બધી મહા કરુણામય કુદરતની અકળ કળા જ છે.

❀ ❀ ❀

## મોક્ષરૂપી તિજોરી

જેમ મનુષ્ય પોતાની તિજોરીને સાચવવામાં અતિ

સાવધાન રહે છે તેમ તેણે પોતાનાં કર્મો કરવામાં પણ અતિ ખબરદાર રહેવું ઘટે, જેથી મોક્ષરૂપી તિજોરીથી વંચિત ન રહી જવાય. મનુષ્યજન્મની સફળતા-સાર્થકતા સત્કર્મો કરીને મોક્ષ મેળવી લેવામાં જ છે.

⊛ ⊛ ⊛

## માણસે માણસે ફેર . . .

વાતચીતના પ્રસંગમાં ઑપરેશન કરવાવાળા ડૉક્ટર સાહેબને મેં કહ્યું કે આપની પાસેથી ઊઠવાનું મન જ નથી થતું, જાણે આપની વાતો સાંભળ્યા જ કરીએ. કેવો હસમુખો ચહેરો! અને દર્દીઓ તરફ કેટલો વાત્સલ્યભાવ! કેટલી હમદર્દી!!

ત્યારે ડૉક્ટર સાહેબે ટૂંકો ને ટચ અને તેમના સ્વભાવની મહાન ઉદારતાનો પરિચય આપે તેવો જવાબ આપ્યો કે, ''તે તો આપ યોગી છો એટલે આપને એવું દેખાય છે, એવું લાગે છે.''

ઘરે પહોંચ્યા પછી તો મનમાં પ્રશ્નોની પરંપરા ચાલી કે તો જે યોગી ન હોય તેને ડૉક્ટરો કેવા દેખાતા હશે? –

દેવદૂતો જેવા કે ખિસ્સાકાતરુ જેવા? કે મહાદાનેશ્વરી? કે મહાનિર્દયી? કે માતા-પિતા જેવા? કે મહાકામી-ક્રોધી?

સૌને પોતપોતાના અનુભવ પ્રમાણે ડૉક્ટરો દેખાતા હશે એક જ ડૉક્ટરનાં જુદા-જુદા સમયે અને જુદા-જુદા રોગમાં જુદાં-જુદાં સ્વરૂપો પણ દેખાય. આ પ્રસંગ ચાલી રહ્યો છે ત્યારે નીચેના બે પ્રસંગ પણ નોંધવા જેવા લાગે છે -

વર્ષો પહેલાંની એક અતિ આદર્શ ફિલ્મની વાત યાદ આવી જાય છે, જેનું નામ હતું 'ડૉક્ટર કોટનીસ કી અમર કહાની'. તેમાં વાત આવે છે કે ડૉક્ટર કોટનીસ

ઑપરેશન થિયેટરમાં એક દર્દીનું ઑપરેશન કરી રહ્યા છે, બરાબર તે જ વખતે તેમને સંદેશો મળે છે કે તમારો પુત્ર સીરિઅસ છે માટે તાબડતોબ આવો. ડૉક્ટરને પોતાના સીરિઅસ પુત્ર પાસે પહોંચી જવાની તીવ્ર ઇચ્છા થઈ, પણ તેઓ પોતાની જવાબદારી અને પોતાની વફાદારીને પ્રામાણિક રહ્યા અને પોતાના દર્દીનું ઑપરેશન સફળ રીતે પાર પાડ્યું. ત્યાં જ તેમને ખબર મળી કે તેમનો પુત્ર ગુજરી ગયો. આવા પણ ડૉક્ટરો હોય છે અને આ નીચે જે વાત લખીએ છીએ તેવા પણ ડૉક્ટરો હોય છે.

થોડા સમય પહેલાં ટીવી પર આ વાત આવી હતી કે એક ડૉક્ટર પિતા પાસે તેમનો ડૉક્ટર પુત્ર હરખાતો હરખાતો આવીને કહે છે કે, ''તમે એક મહિના માટે ફરવા ગયા હતા ત્યારે તમારા એક શેઠ દર્દીની દવા મારે કરવી પડી અને તે હવે સંપૂર્ણ સાજા થઈ ગયા છે.'' ત્યારે ડોક્ટર પિતાએ પુત્રના ગાલ પર થપ્પડ ચોડી દીધી અને ગુસ્સામાં લાલ-ચોળ થઈને કહેવા લાગ્યા કે ''તેના તરફથી નિયમિત મળતી ફીના પૈસામાંથી જ તને પરદેશ ભણવા માટે મોકલી શકાયો હતો. તને મૂરખને આ બધી ખબર ક્યાંથી હોય ?''

ડૉ. કોટનીસ જેવા અતિ ઉમદા મહામાનવો અને રોગીના રોગને લંબાવીને પૈસા ખંખેરનારા ડૉક્ટરો જેવા અતિ નીચ માનવો તો જવલ્લે જ જોવા મળે છે. બાકી તો સૌ મધ્યમ-સામાન્ય રીતે જ જીવન વ્યતીત કરતા હોય છે. કહ્યું છે ને કે : માણસે માણસે ફેર, કોઈ તો લાખેય ન મળે અને કોઈ છે ટકાના તેર !

— યોગભિક્ષુ